# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯ A તા.૨૫-૦૧-૨૦૨૪

**ફક્ત ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ મ્યુનિ. શાળાઓ માટે જ :-**

વિષય : ગાંધીનગર લોકસભા - ૬ સાંસદ સાંસ્કૃતિક મહોત્સવ સ્પર્ધા : ૨૦૨૩-૨૪ માં શાળાકક્ષા સ્પર્ધા બાબત.

સંદર્ભ : ૧. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમદાવાદના પત્ર ક્રમાંક : જિ.યુ.સાં.પ્ર./ સાં.સાં.મ/૪૨૪૫/ ૨૦૨૩-૨૪, તા. ૨૦-૦૧-૨૦૨૪

૨. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમદાવાદના પત્ર ક્રમાંક : જિ.યુ.સાં.પ્ર./ સાં.સાં.મ/૩૦ થી ૩૯/ ૨૦૨૩-૨૪, તા. ૨૩-૦૧-૨૦૨૪

આથી ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા રાજ્યના સાંસ્કૃતિક વારસાનું જતન થાય, કલા, સાહિત્ય અને સંસ્કૃતિમાં આગવી ઓળખ ધરાવનાર અલગ-અલગ વય જૂથના કલા પ્રેમીઓ માટે સાંસદ કલા મહોત્સવ સ્પર્ધા શાળા કક્ષાએથી શરૂ કરી તબક્કાવાર લોકસભા કક્ષા સુધી પહોંચે તેમ સંદર્ભદર્શિત- બિડાણના પત્ર મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- સ્પર્ધાના નિયમો તથા વિગત બિડાણ મુજબના પત્ર અનુસાર રહેશે.
- ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ તમામ મ્યુનિ.શાળાઓએ તા. ૨૭-૦૧-૨૦૨૪ ને શનિવારના રોજ શાળા સમય દરમ્યાન શાળા કક્ષાની કુલ ૧૧ સ્પર્ધાઓનું આયોજન કરી સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે. શાળા કક્ષાએ નોડલ અધિકારી જે તે શાળાના મુખ્ય શિક્ષકશ્રી રહેશે.
- શાળા કક્ષાએ ભાગ લઈ વિજેતા થનાર પ્રથમ અને દ્વિતિય નંબરના વિજેતા ક્રમાંક સ્પર્ધકો/કલાકારોની એન્ટ્રી તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધીમાં dydo-sycd-ahmd@gujarat.gov.in ઈ-મેઈલ ઉપર નીચે દર્શાવેલ નમૂનામાં મોકલવાની રહેશે.

| ક્રમ | સ્પર્ધકનું નામ | કૃતિનું નામ | જન્મ તારીખ | વયજૂથ | સંસ્થાનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

નોંધ: ૧. કોઈપણ સ્પર્ધક બે સ્પર્ધામાં ભાઈ લઈ શકેશે.

૨. કલા મહાકુંભના નિયમો આ સ્પર્ધાને લાગુ પડશે.

૩. સ્પર્ધા કાર્યક્રમ બિડાણ મુજબ સામેલ છે.

| ઉમર વય મર્યાદા | વયમર્યાદા |
|---|---|
| (તા. ૩૧-૧૨-૨૦૨૩ ને ધ્યાને લેવી) | ૧. ૬ થી ૧૪ વર્ષ |
| | ૨. ૧૫ થી ૨૦ વર્ષ |
| | ૩. ૨૧ થી ૫૯ વર્ષ |
| | ૪. ૬૦ થી ઉપર (ઓપન ગ્રુપ) |

- ૧૧ સ્પર્ધા શાળા કક્ષાએ યોજાશે.
- વિધાનસભા સ્તરે ૯ સ્પર્ધાઓ થશે. તેની વિગત બિડાણના પરિપત્ર મુજબ છે.
- તમામ સ્પર્ધાની ફાઈનલ લોકસભા કક્ષાએ યોજવામાં આવશે.
- શાળા કક્ષાની સ્પર્ધા પછી આગળના સ્તરની સ્પર્ધા માટે પછીથી વિગતે જણાવવામાં આવશે.

બિડાણ : સ્પર્ધાના નિયમો

તા.૨૫-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

| | | |
|---|---|---|
| ઉંમર વય મર્યાદા (૩૧/૧૨/૨૦૨૩ને ધ્યાને લેવી ) | | વય મર્યાદા |
| | ૧ | ૬ થી ૧૪ વર્ષ |
| | ૨ | ૧૫ થી ૨૦ વર્ષ |
| | ૩ | ૨૧ થી ૫૯ વર્ષ |
| | ૪ | ૬૦ થી ઉપર(ઓપન ગ્રુપ) |

| કક્ષા | ક્રમ | કલા | કક્ષા | ક્રમ | કલા |
|---|---|---|---|---|---|
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૧ | લોકનૃત્ય(રાસ-ગરબા,હુડો,આદિવાસી નૃત્ય વગેરે) | વિધાનસભા કક્ષા | ૧ | શાસ્ત્રીય નૃત્ય (કુચીપુડી,ઓડીસી,મોહીનીઅટ્ટમ,ભરતનાટ્યમ,કથક) |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૨ | દેશભક્તિ ,બોલીવુડ ગીત | વિધાનસભા કક્ષા | ૨ | વેસ્ટર્ન ડાંસ (હીપહોપ,સાલસા,કન્ટેમ્પરરી) |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૩ | લોકગીત,ભજન,લગ્નગીત | વિધાનસભા કક્ષા | ૩ | ગાયન (સુગમસંગીત,હિંદુસ્તાની સંગીત,સમૂહગીત) |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૪ | ચિત્રકલા | વિધાનસભા કક્ષા | ૪ | ઇન્સ્ટ્રુમેન્ટલ (ગીટાર,તબલા,હાર્મોનિયમ,વાંસળી,વાયોલીન,સિતાર,કીબોર્ડ) |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૫ | સર્જનાત્મક કારીગરી | વિધાનસભા કક્ષા | ૫ | કાવ્યલેખન |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૬ | રંગોળી | વિધાનસભા કક્ષા | ૬ | ડિબેટ |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૭ | ક્વિઝ | વિધાનસભા કક્ષા | ૭ | નુક્કડ નાટક |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૮ | વક્તૃત્વ સ્પર્ધા | વિધાનસભા કક્ષા | ૮ | નાટક |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૯ | નિબંધ લેખન | વિધાનસભા કક્ષા | ૯ | માઈમ |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૧૦ | કવિતા પઠન | | | |
| શાળાકક્ષા/કોલેજકક્ષા | ૧૧ | મોબાઈલ ફોટોગ્રાફી | | | |
| ૧૧ ઈવેન્ટસ (શાળા સ્તર) | | | ૧૧ ઈવેન્ટસ (શાળા સ્તર/કોલેજ સ્તર)+૯ ઈવેન્ટસ (વિધાનસભા સ્તર)=૨૦ ઈવેન્ટસ | | |

નોંધ: તમામ સ્પર્ધાની ફાઈનલ લોકસભા કક્ષાએ યોજવામાં આવશે.

*જો વિધાનસભા કક્ષાની સ્પર્ધા માટે મર્યાદિત સહભાગિતા હોય તો, સ્પર્ધાનું આયોજન લોકસભા સ્તરે કરવામાં આવશે.

# <u>સાંસદ સાંસ્કૃત્તિક મહોત્સવ સ્પર્ધાના સામાન્ય નિયમો</u>

- કોઇ પણ સ્પર્ધક બે જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- કોઇ પણ સ્પર્ધક, કોઇ પણ એકજ શાળા/કોલેજ કે એકમ માંથી, સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઇ શકશે.
- ઇરાદા પૂર્વક કોઇપણ માહિતિ છૂપાવવી નહીં તેમજ ખોટી માહિતી આપવી નહીં, અન્યથા સ્પર્ધામાં આપનો પ્રવેશ રદ કરવામાં આવશે અને તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કોઇ પણ સ્પર્ધક, સહાયક અથવા તેના વાલીએ કોઇ પણ તબક્કે, આયોજકો, નિર્ણાયકશ્રીઓ કે કોઇ પણ વ્યક્તિ સાથે અસભ્ય કે ગેરવર્તન કરવું નહીં અન્યથા તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉંમરનો પુરાવો આપવો જરુરી છે. જેના માટે ચૂંટણી કાર્ડ, સંસ્થા – કોલેજનું આઇ કાર્ડ, આધાર કાર્ડ, જન્મ તારીખ દર્શાવતું કોઇ પણ સરકારી આધાર વિગેરેમાંથી કોઇ પણ એક પૂરાવો આપવો ફરજિયાત છે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. નવી કોઇ સગવડ ઉભી કરવા દેવામાં આવશે નહીં. કે આયોજકશ્રીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે નહીં.
- પોતાને જરુરી કોસ્ચ્યુમ, મેકઅપ, સેટીંગ્સ, સ્ટેજ પ્રોપર્ટી, સંગીતના સાધનો કે સ્પર્ધા માટે અન્ય જરુરી વધારાના સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.
- સ્પર્ધકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે, તમામ સ્પર્ધકો ને એક જ માહોલમાં નિર્ણાયકશ્રીઓ દ્વારા મૂલવી શકાય એટલા માટે, સ્પર્ધા માટેની કૃતિ, જનરલ લાઇટ્સ અને કોઇ પણ ઈફેક્ટ વગરની માઇક સીસ્ટમ સાથે જ રજૂ કરવાની રહેશે. જે આયોજક દ્વારા પુરી પાડવામાં આવશે.
- દરેક સ્પર્ધા માટે તેની નિયત સમય મર્યાદામાં, + કે – , ૧/૫ (૨૦%) ભાગના સમયની છૂટ આપવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાના બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે તે પ્રમાણે જાહેર કરવામાં આવશે. કાર્યક્રમના આગળના દિવસે, સ્પર્ધકે જાતે જ, કાર્યક્રમની વિગતો મેળવી લેવી, જેથી કોઇ ફેરફાર હોય તો માહિતગાર થઇ શકાય અને વિનાવિઘ્ને, સમયસર, યોગ્ય સ્થળે, સ્પર્ધામાં સફળતા પૂર્વક ભાગ લઇ શકાય. આ માટે આયોજક કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.
- જે તે સ્પર્ધામાં, પરિશિષ્ટમા બતાવ્યા મુજબ જે તે કક્ષાએથી જ ભાગ લેવાનો રહશે.
- <u>શાળા / કોલેજના પ્રથમ અને દ્વિતિય વિજેતા વિધાનસભા કક્ષાએ ભાગ લઇ શકશે. ૨૧ થી ૫૯ વયજૂથ અને ફક્ત ૬૦ વર્ષ કે તેથી ઉપર માટેની સ્પર્ધાઓ સીધી વિધાનસભા કક્ષાએ યોજાશે.</u>

# શાળા / કોલેજ કક્ષાએથી શરૂ થતી સ્પર્ધાના નિયમો

## (૧) વકૃત્વ સ્પર્ધા :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
- સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઇ પણ વિષયમાં ભાગ લઇ શકશે, પરંતુ તેની જાણ સ્પર્ધાના ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૨) નિબંધ લેખન :-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનીટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૩) કવિતા પઠન:-

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૦૫ મિનીટમાં કવિતા પઠન કરવાની રહેશે
- કવિતાને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટૂંકમાં ભાવ રજૂ કરવાનો રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટી એ પોષક હોવી જરુરી છે.
- પ્રણય, રાષ્ટ્રભકિત, શૌર્ય, ઋતુ આધારિત ગીત, સામજિક, બાળગીત કે ભકિત ગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનુ બંધારણ, ભાષા અને સમગ્ર રચના તેમજ કવિતાનુ ઉચ્ચારણ ભાષ શુધ્ધતા અરોહઅવરોહ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૪) ચિત્રકલા:-

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનોસમય ૧૨૦ મિનીટનો રહેશે.

- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઇંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઇંગ પેપર ૧૯"x ૨૪" અથવા ૨૪"x ૩૦" નો અનૂકુળતા પ્રમાણેનો આપવો.
- ચિત્રકલાનો વિષય સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધક પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકાશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, કલર સ્કીમ, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, ડ્રોઇંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં..

## (૫) સર્જનાત્મક કારીગરી :-

- આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઇલાયચીના છોડા, પથ્થરના ટૂકડા કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ, તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઇઓના સૂચનો લક્ષમાં લેશું.
- જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મૂલ્ય ઉપજે એવા હોવા જોઇએ.
- જરુરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે.સ્થળ પર તૈયાર કરેલા મૌલિક નમૂનાને પ્રાધાન્ય અપાશે.
- સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ૧૮૦ મિનીટનો સમય આપવામાં આવશે.
- જરુરી સાધનો તથા સરંજામ સ્પર્ધક પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી રાખવાના રહેશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, ટેકનીક, વસ્તુલક્ષી નિરુપણ, આકારમાં સપ્રમાણતા, કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૬) લોકનૃત્ય (રાસ-ગરબા-હુડો-આદિવાસિ નૃત્ય):-

- નૃત્યમાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઇ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઇ શકશે.
- નૃત્ય એકલા ભાઇઓ, એકલી બહેનો કે ભાઇઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્ય માં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.
- નૃત્ય જે પ્રદેશનુ રજૂ કરવા આપે પસંદ કર્યુ હોય તેના અનુરુપ જ એકશન, ગાયકી, પહેરવેશ, તાલ અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરુપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમા, ચરી, ચકરી, તેહરતાલી, પનિહારી, ભવાઇ વિગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ કરવા, મૂલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે નૃત્યનુ ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરુપ શુધ્ધ સ્વરુપનુ, એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકરતા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, સુરીલાપણુ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘૂમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એકાત્મતા, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆતજેવા નૃત્ય ના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૭) દેશભક્તિ ગીત સ્પર્ધા (સોલો)

- સ્પર્ધા નો સમય પાંચ મિનિટનો રહેશે
- ગીતની પસંદગી, જુસ્સો, રજૂઆત અને ભાવ સુર, તાલ, લય સંગીત અને ગાયિકા નિર્ણય માટે ધ્યાને લેવા.
- ગીતના શબ્દો સમાજ માટે પોષક તેમજ દેશ દાજ ઉભરી કરી શકે તેવા હોવા જરૂરી છે.
- ગીતની રજૂઆત ખાસ દેશનો સંદેશ આપે તેવી હોવી જોઈએ.
- પહેરવેશને પ્રાધાન્યતા આપવામાં આવશે નહીં.
- ફિલ્મમાં લેવાયેલા દેશભક્તિ ગીત લઈ શકાશે.
- યોગ્ય વાદ્યોનો પ્રયોગ કરી શકાશે.

બોલીવુડ સોંગ (સોલો)

- સ્પર્ધાનો સમય પાંચ મિનિટનો રહેશે.
- ગીતની રજૂઆતના નિર્ણયમાં સુર, લય, સંગીત અને સમગ્ર રજૂઆતને ખાસ ધ્યાનમાં લેવાશે.
- ગીતના શબ્દો સમાજ માટે પોષક હોવા જરૂરી છે.
- રજૂઆતમાં પહેરવેશને પ્રાધાન્યતા આપવામાં આવશે નહીં.
- યોગ્ય વાદ્યોનો પ્રયોગ કરી શકાશે.

(૮) લોકગીત/ ભજન / લગ્નગીત :-

- સ્પર્ધા માટેનો સમય ૬ મિનીટનો રહેશે.
- ગીતની આ સ્પર્ધામાં, લોકગીત, ભજન, લગ્નગીત વિગેરે જેવી કોઇ પણ કૃતિની પ્રસ્તુતિ કરી શકાશે.
- લોકગીત, ભજન, લગ્નગીત/ફટાણા કંઠ્યસ્થ હોવા જોઇએ, લેખિત કૃતિનો આધાર લઇ શકાશે નહીં.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં. લોકગીત, ભજનની પ્રસ્તુતિમાં ઇલેક્ટ્રોનિક્સ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- આ સ્પર્ધામાં ૧ સ્પર્ધક અને ૩ સહાયકો રાખી શકાશે. ભજન પ્રસ્તુતિમા સ્પર્ધકે જરુર જણાયતો ઝિલવા માટે તે સમયે સ્પર્ધામાં ભાગ લેતી તેમની સમૂહગીતની ટૂકડીના ગાયક સભ્યોમાંથીત્રણેક સભ્યોનો ઉપયોગ કરી શકશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- ફિલ્મીગીત સિવાયના ગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, કોઇ પણ પ્રાદેશિક ભાષા માં પ્રસ્તુત કરી શકાશે. ગુજરાતી કે હિન્દી ભાષા સિવાયની કોઇ પણ ભાષામાં પ્રસ્તુતિ કરવાના હોવ તો તેના વિષેની સંક્ષિપ્ત નોંધ, નિર્ણાયકશ્રીઓ ને અગાઉથી આપવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, માત્ર કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, લોકગીત, ભજન કે લગ્નગીતની અસલી ગાયકીની લઢણ, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે. તેમના મેકઅપ, વેષભૂષા કે એકશન આધારિત નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૯) રંગોલી

- અવધિ: **1** કલાક **30** મિનિટ સહભાગિતા: આ ઈવેન્ટમાં મહત્તમ એક **(01)** સહભાગીને મંજૂરી છે.
- આ ઈવેન્ટમાં કોઈ સાથીઓને મંજૂરી નથી.દરેક જૂથને **3** ફૂટ બાય **3** ફૂટની જગ્યા આપવામાં આવશે.
- એક એક માધ્યમનો ઉપયોગ કરવો જોઈએ - - પોસ્ટર રંગો અથવા ફૂલોની પાંખડીઓ અથવા કરવત - ધૂળ અથવા દાળ કે ચોખા પેસ્ટ કર્યા વગર.
- સહભાગીઓ તેમના પોતાના રંગો અને મૂળભૂત સાધનો લાવશે.
- રંગોળી ફક્ત હાથથી જ દોરવાની હોય છે.
- સહભાગીઓએ પોતે જ અન્ય તમામ જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરવી જોઈએ.
- સહભાગીઓએ આપેલી જગ્યામાં રંગોળી તૈયાર કરવાની રહેશે
- આયોજકો

નોંધ- કોઈપણ વિવાદના કિસ્સામાં, સંબંધિત અધિકારીઓનો નિર્ણય અંતિમ રહેશે.

## (૧૦) ક્વીઝ

- પ્રતિભાગીઓને ક્વિઝ સમય દરમિયાન મોબાઇલ અથવા અન્ય ઇલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
- પ્રશ્નો બહુવિધ પસંદગી, સાચા/ખોટા નિવેદન, ચોક્કસ જવાબ પ્રશ્ન વગેરેના સ્વરૂપમાં હોવા જોઈએ.
- પ્રેક્ષકો/સમર્થકોએ સ્પર્ધકોને કોઈ સંકેતો અથવા સંકેતો આપવા જોઈએ નહીં.
- નોંધણી પછી ટીમના કોઈપણ સહભાગીને બદલવાની મંજૂરી નથી.
- ક્વિઝ સ્પર્ધામાં બે રાઉન્ડ હશે,
- પ્રિલિમિનરી રાઉન્ડ અથવા એલિમિનરી રાઉન્ડ.
- અંતિમ રાઉન્ડ અથવા સ્ટેજ રાઉન્ડ.
- પ્રારંભિક રાઉન્ડ:
- દરેક ટીમને 10 બહુવિધ oiceઑબ્જેક્ટિવ પ્રકારના પ્રશ્નો ધરાવતા પ્રશ્ન આપવામાં આવશે. નીચેના નિયમો પ્રાથમિક રાઉન્ડ માટે લાગુ પડશે.
- ♣ સમય મર્યાદા: 10 મિનિટ.
- ♣ દરેક પ્રશ્નમાં 1 માર્ક હશે.
- ♣ 2 અથવા વધુ ટીમો વચ્ચે ટાઈ થવાના કિસ્સામાં, અંતિમ પસંદગી માટે વધુ 5 પ્રશ્નો પૂછવામાં આવશે.
- રાઉન્ડ 1: તમારો જીલ્લો .
- રાઉન્ડ 2: તમારુ રાજ્ય તેના તહેવારો અને સંસ્કૃતિ
- રાઉન્ડ 3: વર્તમાન બાબતો
- અંતિમ ક્વિઝ/સ્ટેજ રાઉન્ડ: અંતિમ રાઉન્ડમાં નીચેના રાઉન્ડનો સમાવેશ થશે,
- રાઉન્ડ 1 :ભારતીય કલા અને સંસ્કૃતિ.
- રાઉન્ડ 2 :ભારતની સ્વતંત્રતા ચળવળ/ઇતિહાસ/રાજ્યતા
- અંતિમ રાઉન્ડ માટે નીચેના નિયમો લાગુ કરવામાં આવશે.
- સાચા જવાબ માટે 10 ગુણ આપવામાં આવશે.
- દરેક પ્રશ્નનો જવાબ આપવાનો સમય 30 સેકન્ડનો છે.
- પાસનો વિકલ્પ નથી.
- ટીમ ચર્ચાને મંજૂરી છે.
- અંતિમ રાઉન્ડ માં 2 અથવા વધુ ટીમો વચ્ચે ટાઈ થવાના કિસ્સામાં, અંતિમ પસંદગી માટે રેપિડ ફાયર રાઉન્ડમાંરાખવામા આવશે દરેક ટીમને એક પછી એક 3 પ્રશ્નો પૂછવામાં આવશે. સાચા જવાબ માટે 10 ગુણ આપવામાં આવશે અને દરેક ખોટા જવાબ માટે 5 ગુણ કાપવામાં આવશે.

## (૧૧) મોબાઇલ ફોટોગ્રાફી

- કૉલેજ/સંસ્થા એક સહભાગીને મોકલી શકે છે.
- સહભાગીએ પોતાનો ડીજીટલ કેમેરા લાવવાનો રહેશે.
- ડિજિટલ કેમેરામાં મેમરી કાર્ડ હોવું જોઈએ જે દ્વારા ફોર્મેટ કરવામાં આવશે
- હરીફાઈની શરૂઆતસમય મર્યાદા 2.30 કલાકની રહેશે.
- પ્રતિભાગીએ જાહેર કરેલી થીમ પર 5 ફોટોગ્રાફ લેવાના રહેશે
- ફોટોગ્રાફ્સના મિશ્રણ, મેચિંગ અથવા મોર્ફિંગની પરવાનગી આપવામાં આવશે નહીં.
- ઈમેજો વધારવા માટે ફોટોશોપ વગેરે જેવા સોફ્ટવેરની પરવાનગી નથી.
- આયોજકો પાસે આ ચિત્રોના ઉપયોગ માટેના તમામ અધિકારો હશે જ્યારે
- ડિજિટલ છબીઓનું મૂલ્યાંકન (1) અસર, (2) રચનાના આધારે કરવામાં આવે છે
- ગુણવત્તા, અને (IV) વિશિષ્ટ થીમ માટે યોગ્યતા.
- 
- વધારાની સૂચનાઓ સ્થળ પર જ જાહેર કરવામાં આવશે.

# વિધાનસભા કક્ષાએથી શરૂ થતી સ્પર્ધાના નિયમો

## (૧૨) શાસ્ત્રીયનૃત્ય (કુચીપુડી, ઓડીસી, મોહીની અટ્ટમ, ભરતનાટ્યમ,કથ્થક)

- સ્પર્ધા માટેનો સમય ૧૫ મિનીટનો રહેશે.
- ફિલ્મીગીત સિવાયની પારમ્પારિક 'માર્ગમ' આધારિત નૃત્ય કૃતિ જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં રેકોર્ડેડ મ્યુઝિક અથવા વાધ્યકારો સાથે લાઇવ મ્યુઝિક પણ રજૂ કરી શકાશે. જો રેકોર્ડેડ મ્યુઝિક સાથે કૃતિ રજૂ કરવાની હોય તો, ૧ સ્પર્ધક અને ૧ સહાયક રહેશે. પણ જો આપ લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાના હોવ તો ૧ સ્પર્ધક ૪ સહાયક રાખી શકશે. પણ આ અંગે ફોર્મ ભરતી વખતે જ જાણ કરવાની રહશે. વાધ્યો તરીકે મૃદંગમ, હાર્મોનિયમ/વાયોલિન, ફ્લુટ, તાલમ્ જેવા કૃતિ અનુરુપ પરમ્પરાગત વાધ્યોનો જ ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકે સ્પર્ધા શરુ થાય તેના ૧ કલાક પહેલા, તેમણે જે પ્રસ્તુતિ કરવાની હોય તેની પેન ડ્રાઇવ કે સીડી, ત્યાં હાજર ધ્વનિ વ્યવસ્થા સંભાળતા કો-ઓર્ડીનેટર ની પાસે ચેક કરાવી નામ લખી જમા કરવાની રહેશે. આપની પેન ડ્રાઇવમાં આપ જે રજૂ કરવાના હોવ તેના સિવાયની કોઇ પણ આઇટમ હોવી જોઇશે નહી. આપની કૃતિ આવે તેની ૧૫ મિનિટ પહેલા ધ્વનિ પ્રસારણ વ્યવસ્થા પાસે આપના સહાયકે પહોંચી આપની આઇટમ ન પતે ત્યાં સુધી તે જ જગ્યાએ રહેવું. નૃત્ય કૃતિ પત્યા બાદ આપની પેન ડ્રાઇવ કે સીડી આપે જ મેળવી લેવાની રહેશે.
- નૃત્યનુ વર્ણન, એમાં જો વાર્તા હોય તો તે, તેનું ગીત, તેનો હિન્દી કે અંગ્રેજીમાં અર્થ વિગેરેની સંક્ષિપ્તમાં નોંધની એક નકલ નોંધણી સમયે અરજી સાથે તેમજ ત્રણ નકલ સ્પર્ધા સમયે નિર્ણાયકશ્રીઓની જાણ માટે રજૂ કરવાની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇક અને વાજિંત્રોની ગોઠવણી (લાઇવ હોય તેવા સંજોગોમાં) માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે. જો લાઇવ મ્યુઝિક સાથે રજૂ કરવાનું હોય તો વાજિંત્રોના સૂર અગાઉથી જ મેળવી સ્ટેજ ઉપર આવવાનુ રહશે. તેના માટે કોઇ જ વધારાનો સમય આપવામાં આવશે નહીં.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, વેશભૂષા, ભાવ, અભિનય કે અભિવ્યકિત, નૃત્યસંરચના, પાદ ચલન (**Foot work**), સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.

નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી પણ શકાશે નહીં.

## (૧૩) વેસ્ટનડાન્સ

- સહભાગિતા: આ ઈવેન્ટમાં મહત્તમ એક **(01)** સહભાગીને મંજૂરી છે.
- આ ઈવેન્ટમાં **3** સાથીઓને મંજૂરી છે.
- અવધિ: આઇટમ દીઠ મહત્તમ **6** મિનિટ.
- નૃત્ય અર્ધ-શાસ્ત્રીય, લોકનૃત્ય, ફિલ્મી અથવા પશ્ચિમી નૃત્ય હોવું જોઈએ.
- તાલ, ટેકનીક, લય, અભિનય અથવા જેવા ગુણો પર આધારિત નિર્ણય લેવામાં આવશે
- અભિવ્યકિત, પોશાક, ફૂટવર્ક અને સામાન્ય છાપ વગેરે.

  નોંધ- કોઈપણ વિવાદના કિસ્સામાં, સંબંધિત અધિકારીઓનો નિર્ણય અંતિમ રહેશે.

## (૧૪) ગાયન (સુગમ સંગીત,હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત, સમૂહગીત)

➢ **સુગમ સંગીત :-**

- સ્પર્ધા માટેનો સમય ૦૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૩ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હળવા કંઠ્ય સંગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, ગુજરાતી કે હિંદી માં પ્રસ્તુત કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

➢ **સમૂહગીત :-**

- સ્પર્ધા માટેનો સમય ૦૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી  સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં ૮ સ્પર્ધકો અને ૫ સહાયકો રાખી શકાશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- સમૂહગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, ગુજરાતી કે હિંદી માં પ્રસ્તુત કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

➢ **શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) :-**

- સ્પર્ધા માટેનો સમય૦૭ મિનીટનો રહેશે.
- આ સ્પર્ધા તમામ ઉંમરના ગ્રુપો માટે છે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી  સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૩ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હિન્દુસ્તાની શૈલીમાં, શાસ્ત્રિય રાગ આધારિત કૃતિ રજૂ કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, રાગની પંસંદગી, સૂર, તાલ, લય, બોલનું ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૫) ઇન્સ્ટુમેન્ટલ (ગીટાર,તબલા, હાર્મોનિયમ, વાંસળી, વાયોલીન, સિતાર, કીબોર્ડ)

- સ્પર્ધા માટેનો સમય ૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયંમ, પોતાના વાજિંત્રોની વ્યવસ્થા, અગાઉથી  સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૧ ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ, ત્રણ મિનીટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, સમય મર્યાદા, બ્લોઇંગ ટેકનીક્સ અને સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૬) શેરી નાટકઃ-

- સ્પર્ધા માટેનો સમય ૧૨ મિનીટનો રહેશે.
- વિષય જાહેર જીવનમાં સુધારાત્મક પગલાંઓ અંગે, સમાજોપયોગી હોવો જોઈએ.
- ટીમમાં સહભાગીઓની સંખ્યા ઓછામાં ઓછી ૦૬ અને વધુમાં વધુ ૧૨ વિદ્યાર્થીઓ હોવી જોઈએ.
- સ્પર્ધા "ગ્રાઉન્ડ" જેવી કે (ખુલ્લી જગ્યા) પર અથવા કોઈ હોલમાં આયોજિત કરવામાં આવશે જેમાં નાટક માટે જરૂરી સંગીત અથવા ધ્વનિ બનાવવા માટે ટીમો જાતે જ ગાય/નૃત્ય કરી શકે તે ઇચ્છનીય છે.

- ટીમના વર્તન, પોશાક અને પ્રદર્શનમાં શિષ્ટાચાર હોવો જોઈએ.
- અપમાનજનક ભાષા અને અભદ્ર વર્તનના કિસ્સામાં, ટીમને ગેરલાયક ઠેરવવામાં આવશે.
- કોઈપણ પ્રકારના પ્રવાહી, જીવંત પ્રાણીઓ, જ્વાળાઓ, ભારે વસ્તુઓ, રંગો અથવા અન્ય કોઈપણ સામગ્રી જે સ્થળને નુકસાન પહોંચાડવાની સંભાવના ધરાવે છે તે સખત રીતે પ્રતિબંધિત છે. જો સહભાગીઓ દ્વારા આવી કોઈ પ્રેક્ટિસ હાથ ધરવામાં આવશે, તો ટીમને ગેરલાયક ઠેરવવામાં આવશે.
- કોઈપણ પ્રકારની અશ્લીલતા (ન્યાયાધીશોના વિવેકબુદ્ધિ પર) મંજૂર નથી અને તે અયોગ્યતા તરફ દોરી શકે છે.
- ટીમોએ અગાઉથી જ નાટકનું રિહર્સલ / પ્રેક્ટિસ કરવું જોઈએ. સ્પર્ધા સમયે રિહર્સલ / સ્ટેજ પ્રેક્ટિસ / અંતિમ રિહર્સલ માટે કોઈ સમય આપવામાં આવશે નહીં.
- બધા સહભાગીઓએ તેમના સંસ્થાના આઈડી કાર્ડ્સ સાથે રાખવાનું રહેશે જે તેમણે ઈવેન્ટની શરૂઆત પહેલા રજીસ્ટ્રેશન ડેસ્ક પર રજૂ કરવાનું રહેશે. અને ફકત નોંધાયેલા લોકોને જ ભાગ લેવાની મંજૂરી છે.
- બધા સહભાગીઓએ ઇવેન્ટની શરૂઆતના ઓછામાં ઓછા એક કલાક પહેલાં સ્થળ પર જાણ કરવી આવશ્યક છે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૭) માઇમ

- સમયગાળો : 7-8 મિનિટ નો રહેશે
- મહત્તમ 5 સભ્યોની ટીમને મંજૂરી છે.
- અધિનિયમમાં કોઈપણ સંવાદો અથવા લિપ સિંક ન હોવા જોઈએ.
- પૃષ્ઠભૂમિ સંગીતની મંજૂરી છે.
- થીમ જાહેર ન કરવી જોઈએ અને માત્ર હાવભાવ અને હલનચલન દ્વારા જ જણાવવી જોઈએ.
- જો માઇમમા કોઈપણ અભદ્ર હાવભાવ હશે તો સ્પર્ધકોને ગેરલાયક ઠેરવવામાં આવશે
- કોઇપણ પ્રકારની પ્રોપર્ટી રાખવાની મંજૂરી નથી.
- નિર્ણય વિચારની નવીનતા પર આધારિત હશે
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૮) નાટક

- સ્પર્ધાનો સમય ૩૦ થી ૪૫ મિનિટનો રહેશે.
- નાટક ગુજરાતી / અંગ્રેજી કે હિન્દી ભાષામાં રાખી શકાશે.
- અભિનય કરનારની સંખ્યા ૧૨ થી વધવી જોઇએ નહીં.
- જેવું સિગ્નલ આપવામાં આવે કે તરત જ અથવા ટીમ પરિચય આપવાનું શરૂ કરે બે માંથી જે વહેલું હોય ત્યારથી સમય ગણવામાં આવશે.
- ખાલી સ્ટેજથી ખાલી સ્ટેજનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
- સ્ટેજનો ચાર્જ સંભાળ્યા પછી સ્ટેજ સેટીંગ અને સેટ તથા ચીજ વસ્તુઓ દુર કરવા ૧૦ મિનિટનો સમય આપવામાં આવે છે.
- ભાગ લેનાર ટીમોએ પોતાના સેટ/સ્ટેજ ચીઝવસ્તુઓ, મેકઅપની સામગ્રી વગેરે લાવવાની રહેશે. આગળથી જણાવવામાં આવેથી હલકી અને સામાન્ય ફર્નિચર પુરૂ પાડવામાં આવશે.
- ભાગ લેનાર ટીમે નાટકની રજૂઆત પહેલાં ઓછામાં ઓછા બે કલાક પહેલાં સ્પર્ધાના ઇન્ચાર્જ સમક્ષ હાજર થવાનું રહેશે.
- નિર્ણય વિષય, અભિનય, સ્ટેજ, કલા એકંદરે છાપ જેવા નાટકના ગુણો પર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

## (૧૯) કાવ્ય લેખન

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૬૦ મિનીટમાં કવિતાની રચના કરવાની રહેશે

- કવિતાને પ્રસ્તુત કરવાની સાથે તેનો ટૂંકમાં ભાવ રજૂ કરવાનો રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટી એ પોષક હોવી જરુરી છે.
- પ્રણય, રાષ્ટ્રભક્તિ, શૌર્ય, ઋતુ આધારિત ગીત, સામજિક, બાળગીત કે ભક્તિ ગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બન્ને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- સ્પર્ધા માટે ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઇ પણ એક વિષય ઉપર રચના કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનુ બંધારણ, ભાષા અને સમગ્ર રચના ઉપર આધારિત રહેશે.
- સ્પર્ધકની કવિતા એ કોઇપણની કવિતાની નકલ કરેલી, પાછળથી પણ જણાશે તો ગમે તે લેવલેથી, સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

(૨૦) ડિબેટ (ચર્ચા)

- દરેક ટીમનું પ્રતિનિધિત્વ બે ડિબેટર્સ દ્વારા કરવામાં આવશે, એક વિષય ના પક્ષમા બોલશે, જ્યારે બીજો સ્પર્ધક વિષયના વિરુધ્ધ બોલશે
- અભિવ્યક્તિનું માધ્યમ હિન્દી, ગુજરાતી અથવા અંગ્રેજી હશે (ભાષાનું મિશ્રણ નહીં).
- સમગ્ર સ્પર્ધા દર્મિયાન એક ભાષામાં જજ કરવામાં આવશે
- ડિબેટનો વિષય ૨૪ કલાક અગાઉ જાહેર કરવામાં આવશે.
- વાંચન (કાગળ, મોબાઇલ અથવા કોઈપણ સ્ત્રોતમાંથી) રાખવાની મંજૂરી નથી.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

<u>સવિનય નકલ રવાના:-</u>

૧. અગ્રસચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨. કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર
૩. કલેકટરશ્રી, ગાંધીનગર
૪. મ્યુ.કમિશનરશ્રી, ગાંધીનગર
૫. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર
૬. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
૭. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૮. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૯. મેયરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર
૧૦. માન. સાંસદશ્રી, ગાંધીનગર
૧૧. માન. ધારા સભ્યશ્રી તમામ, ગાંધીનગર જિલ્લો
૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર
૧૩. આચાર્યશ્રી જે-તે સ્પર્ધાના આયોજન સંચાલન અર્થે વ્યવસ્થા કરવા સારૂ.
૧૪. કન્વીનરશ્રી, શાળા/ઝોન જે તે સ્પર્ધાના આયોજન સંચાલન અર્થે વ્યવસ્થા કરવા સારૂ.
૧૫. પ્રમુખ/ મંત્રીશ્રી વિવિધ શૈક્ષણિક સંઘ પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા સંઘ ગાંધીનગર
૧૬. પ્રમુખ/ મંત્રીશ્રી વ્યાયામ શિક્ષક સંઘ ગાંધીનગર શહેર/ ગ્રામ્ય.
૧૭. કોર્પોરેટરશ્રી, તમામ મહાનગરપાલિકા. ગાંધીનગર